દાદા ભગવાનના અસીમ જય જયકાર હો

**દાદા ભગવાન પરિવાર – અડાલજ દ્વારા આયોજિત**

# આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના સાનિધ્યમાં સમ્મેત શિખરજી જાત્રા

## તા.15 થી 25 જાન્યુઆરી 2020

મહાત્માઓ માટે આનંદના સમાચાર છે. રાજગીર - સમ્મેત શિખર જેવી પવિત્ર તીર્થભૂમિ પર પૂજ્યશ્રી દીપકભાઈના સંગે જાન્યુઆરી-૨૦૨૦ માં જાત્રા કરવાનું આયોજન થયું છે. આ ધાર્મિક સ્થળો બિહાર અને ઝારખંડ રાજ્યોમાં આવેલ છે. તો ચાલો, આપણે સહુ એની વિસ્તારથી માહિતી જોઈએ.

## જાત્રા માટેની યોગ્યતા (Criteria)

આ જાત્રાના વિવિધ સ્થળોમાં વ્યવસ્થા મર્યાદિત થાય એમ છે. એટલે ઉતારા, ભોજન, ટ્રાન્સપોર્ટ અને મંદિર દર્શનની વ્યવસ્થા સચવાઈ રહે, એ હેતુથી જાત્રામાં જોડાવવા માટે અમુક માપદંડ (ક્રાઈટેરીયા) રાખવામાં આવ્યા છે જેને ધ્યાનમાં રાખીને સિલેક્શન થશે. (અને અન્ય નામો વેઈટિંગમાં રાખવામાં આવશે) :-

(1) **પ્રાધાન્યતા કોને** આપવામાં આવશે ?

   a. જે મહાત્માએ ૨૦૧૭ પહેલા જ્ઞાન લીધેલ હોય,
   b. લોકલ વિકલી સત્સંગ સેન્ટરમાં નિયમિત હાજરી હોય
   c. અડાલજ શિબિરોમાં નિયમિત હાજરી હોય,
   d. અગાઉ પૂજ્યશ્રી દીપકભાઈ સાથે મોટી જાત્રા ન કરી હોય.

(2) આ જાત્રામાં વધારે મુસાફરી (travelling) તેમજ કઠિન પહાડ યાત્રા હોવાથી **શારીરિક તકલીફ** ધરાવતા (જેમ કે અસ્થમા, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, સાંધાના દુખાવા વગેરે...) મહાત્માઓએ **ભાગ ન લેવા ભલામણ છે**.

(3) જાત્રામાં લઈ જવા કરેલ નિર્ધારિત સંખ્યા કરતા ફોર્મ ભરનારની સંખ્યા વધશે તો અન્ય યોગ્યતા માટેના મુદ્દાઓ પણ ધ્યાનમાં લેવામાં આવશે.

# <u>ધ્યાનમાં રાખવા જેવા મુદ્દાઓ</u>

**આ જાત્રામાં સ્થળો પૌરાણિક, ધાર્મિક અને ભવ્ય ઈતિહાસ ધરાવતા છે, પરંતુ ત્યાં આપણા સંઘને લઈ જઈએ એટલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. આથી નીચે જણાવેલ અમુક બાબતે આપણા મહાત્માઓએ એડજસ્ટમેન્ટ લેવા પડશે :**

(1) જાત્રામાં આશરે **<u>34 થી 36 કલાકની જવાની તેમજ પાછી આવવાની ટ્રેનમાં મુસાફરી</u>** રહેશે. તદુપરાંત આપણી સ્પેશ્યલ ટ્રેન હોવાથી તે સમય કરતા ૫-૬ કલાક મોડી થવાની સંભાવના રહેશે (આ સમયને ધ્યાનમાં રાખીને તમારી કનેક્ટેડ ટ્રેનનું બુકિંગ કરજો).

(2) જાત્રા દરમ્યાન અનેક સ્થળો પર પહોંચવા માટે **<u>રસ્તાઓ સાંકડા</u>** છે અને અમુક જગ્યાએ ખરાબ હોવાથી સાઈટ-સીઈંગ અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવા **<u>નિર્ધારિત કરેલ સમય કરતા વધુ સમય</u>** લાગી શકે છે.

(3) જાત્રામાં ધર્મસ્થળો હોવાથી ઘણાં-ખરાં **<u>ઉતારાઓ ધર્મશાળામાં</u>** કરવા પડશે. એમાં ઓપ્શન 1ની કેટલીક ધર્મશાળામાં **<u>ઈન્ડિયન ટોઈલેટની જ સગવડ</u>** છે. તેમજ અમુક ધર્મશાળામાં **<u>પલંગની સુવિધા મર્યાદિત છે.</u>** (આ સ્થળો પર રહેવાની હોટલો પણ મર્યાદિત છે.)

(4) સમ્મેત શિખર તથા રાજગીરમાં **<u>ઘણી વખત પાવર-કટ</u>** (Power-Cut) થતો હોય છે. એટલે ધર્મશાળા / હોટલના રૂમમાં <u>એર-કંડીશન, પંખા, લીફ્ટ</u> તથા <u>વોટર ગીઝર વાપરી જ ના શકાય</u>, એવું થતું હોય છે.

(5) **<u>ટ્રેન સિવાય</u>** જાત્રામાં ધાર્મિક સ્થળો હોવાથી **<u>જૈન ભોજન</u>**ની જ વ્યવસ્થા રહેશે અને **<u>સાંજે ચોવિહાર</u>** (સૂર્યાસ્ત પહેલા જમવાનું) રહેશે.

(6) જાત્રા દરમ્યાન પૂજ્યશ્રી દીપકભાઈ અનુકૂળતા પ્રમાણે સાઈટ-સીઈંગના સ્થળે આવશે. પરંતુ <u>દરરોજ</u> સાંજે બધા મહાત્માઓ સાથે **<u>પૂજ્યશ્રીના ઈન્ફોર્મલ (Informal) સત્સંગ રહેશે</u>**.

(7) ભાઈઓ - બહેનોની ઉતારાની વ્યવસ્થા જુદી રહેશે.

(8) જાત્રા જાન્યુઆરી મહિનામાં હોવાથી ત્યારે **<u>વધુ ઠંડી</u>** હશે.

(9) મોળું જમવાનું અલગથી મળશે. અન્ય કોઈ સ્પેશિયલ પરેજી પ્રમાણે જમવાની વ્યવસ્થા નહીં થઈ શકે.

(10) આપણી સ્પેશિયલ ટ્રેન અમદાવાદ, મુંબઈ અથવા કયા સ્ટેશનથી ઉપડશે, અને આપે કયા સ્ટેશનથી બેસવાનું છે, તે વિગત પછી જણાવીશું.

**<u>નોંધ</u>: મહાત્માઓને ઉપરના દરેક પોઈન્ટ ખાસ વાંચીને પછી ફોર્મ ભરવા વિનંતી.**

# જાત્રા – ઓપ્શન અને ખર્ચ

| જાત્રા ખર્ચ (INR) (GST સહીત) | ઓપ્શન 1 | ઓપ્શન 2 | ઓપ્શન 3 |
|---|---|---|---|
| | 21000 | 34000 | 48000 |
| ઉતારા | નોન-AC રૂમ (4 થી વધુ મહાત્માઓ એક રૂમમાં) | AC રૂમ (3 થી 4 મહાત્માઓ એક | AC રૂમ (2 મહાત્મા એક રૂમમાં) |
| ટ્રેન | નોન AC, સ્લીપર ક્લાસ | AC, 3A ક્લાસ | AC, 2A ક્લાસ |
| બસ મુસાફરી | AC બસ | વોલ્વો - AC બસ | વોલ્વો - AC બસ |
| ભોજન | બધા ઓપ્શન માટે સરખી વ્યવસ્થા | | |
| સાઈટસીઈંગ | | | |

## ડોલી (અંદાજીત ભાવ):

**સમ્મેત શિખર પહાડ** માટે ડોલીના અંદાજીત રકમ રૂપિયા **૫૦૦૦ થી ૬૦૦૦/-** પ્રતિ વ્યક્તિ રહેશે.

**રાજગીર** પહાડ માટે અંદાજીત રકમ રૂપિયા ૪૬૦૦/- ફક્ત એક પહાડના પ્રતિ વ્યક્તિ રહેશે.


<u>નોંધ</u> : ડોલીમાં બેસનાર વ્યક્તિના વજન પ્રમાણે ભાવ વધ-ઘટ થશે. ઉપરોક્ત અંદાજીત ભાવ ડોલીમાં બેસનાર એક વ્યક્તિનો વજન ૭૦ થી ૮૯ કિલો ની અંદર હોય, એ પ્રમાણે લીધેલ છે. જાત્રા દરમ્યાન વધુ મહાત્માઓ ડોલીનો ઉપયોગ કરે તો ભાવ વધી પણ શકે છે.

| કેન્સલેશન ચાર્જ | કેન્સલેશન ચાર્જ (INR) | | |
|---|---|---|---|
| | ઓપ્શન 1 | ઓપ્શન 2 | ઓપ્શન 3 |
| 15 ડિસેમ્બર 2019 અથવા તેના પહેલા | 1000 | 2000 | 4000 |
| 16 ડિસેમ્બર 2019 થી 7 જાન્યુઆરી 2020 | 3000 | 5000 | 10000 |
| 8 જાન્યુઆરી 2020 થી | શૂન્ય રીફંડ | શૂન્ય રીફંડ | શૂન્ય રીફંડ |

# <u>જાત્રા રજીસ્ટ્રેશન માર્ગદર્શિકા</u>

**આ વખતે જાત્રાનું રજીસ્ટ્રેશન માત્ર Akonnect દ્વારા જ થશે. અલગથી કોઈ ફોર્મ ભરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશનની પ્રક્રિયા નીચે મુજબ ૪ તબક્કામાં (4 Steps) થશે:-**

<u>સ્ટેપ 1</u> – <u>રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું</u>. રજીસ્ટ્રેશન કર્યા બાદ મહાત્માને e-mail અને SMS દ્વારા રજીસ્ટ્રેશન થઇ ગયું છે એવો મેસેજ મળશે.







<u>નોંધ :</u>

(1) <u>જે મહાત્માઓને Akonnect માં રજીસ્ટર કરવાનું નથી ફાવતું :</u>

1.1 તેઓ રજીસ્ટ્રેશન માટે સેન્ટર કોર્ડીનેટરની અથવા Akonnect ના જાણકાર એવા અન્ય મહાત્માઓની મદદ લઈ શકે છે.


1.2 અને ઉપરોક્ત માધ્યમથી પણ શક્ય ન બને એમ હોય તો અડાલજમાં સત્સંગ કો-ઓર્ડીનેશન ઓફીસમાં સંપર્ક કરવા વિનંતી છે. 079-39830400 / 9924348880 (સમય: સવારે 9.30 થી 12 અને બપોરે 3.30 થી 6 દરમ્યાન).


(2) જે બાળકોની <u>ઉંમર 5 વર્ષથી વધુ</u> હોય એમણે Akonnect દ્વારા <u>નોર્મલ રજીસ્ટ્રેશન</u> કરીને 100% પેમેન્ટ ભરવાનું રહેશે.


<u>5 વર્ષથી ઓછી</u> ઉંમરના બાળકો માટે ચાર્જ નથી પણ તે બાળકને માતા / પિતાની ટ્રેનની સીટ તેમજ બસની સીટ અને રૂમમાં સમાવેશ કરવાનો રહેશે. જાત્રા દરમ્યાન ઘણા એડજસ્ટમેન્ટ લેવાના હોવાથી, બાળકો જાત્રામાં <u>ન જોડાય એવી અમારી ભલામણ છે</u>.

## <u>સ્ટેપ 2</u> – (અડાલજ ઓફીસ કાર્ય) <u>સમીક્ષા - એપ્રુવલ પ્રોસેસ</u>

જાત્રા માટેની યોગ્યતા (Criteria) પ્રમાણે આપનું નામ મંજુર (Approved) થયું કે વેઈટિંગમાં (WAITING) રહ્યું તે તમને મેસેજ દ્વારા <u>૧૬ જુલાઈ સુધીમાં</u> જણાવવામાં આવશે. તેમજ આપ Akonnectમાં "My Members" માં અથવા "My Transactions" માં પણ આપનું સ્ટેટસ જોઈ શકશો. (નીચે દર્શાવેલ છે)




## <u>સ્ટેપ 3</u> – <u>પેમેન્ટ (Payment)</u> – જેમના નામ એપ્રુવ (Approve) થશે તેમને પેમેન્ટ માટે અલગથી માર્ગદર્શિકા મોકલવામાં આવશે.

1) પેમેન્ટ ઓનલાઈન / Internet Banking અથવા બેંકમાં જઈને NEFT દ્વારા / અથવા અન્ય માધ્યમથી કરવાનું રહેશે. વધુ વિગત પછી જણાવીશું.
2) 2.1 જો અનુકુળ હોય તો આપ <u>પૂરે પૂરું પેમેન્ટ ૧૨ ઓગસ્ટ પહેલા</u> એક સાથે કરી શકો છો. **<u>અથવા</u>**

   2.2 પાના નમ્બર ૬ પર પેમેન્ટ ટેબલમાં જણાવેલ <u>૨ હપ્તાની તારીખ અને રકમ</u> પ્રમાણે પણ પેમેન્ટ કરી શકો છો.

પેમેન્ટ સમયસર મળશે તો જ રજીસ્ટ્રેશન કન્ફર્મ ગણાશે. નિર્ધારિત તારીખ સુધી જેમનું પેમેન્ટ નહીં મળે, એમનું રજીસ્ટ્રેશન કેન્સલ થઇ જશે અને એમની જગ્યાએ વેઈટિંગ લીસ્ટના મહાત્માઓને કન્ફર્મ કરવામાં આવશે.

## <u>સ્ટેપ 4</u> – <u>રસીદ મેળવવી</u>

પેમેન્ટ કર્યા બાદ, આપને અડાલજ જાત્રા ટીમ પાસેથી રસીદ email / Whatsapp દ્વારા મળશે. જરૂર લાગે તો રસીદની કોપી આપ અડાલજ આવો ત્યારે PAN કાર્ડ અને MHT ID Card બતાવીને મેળવી શકો છો.

# જાત્રા બુકિંગ - મુખ્ય તારીખોની યાદી

| સ્ટેપ | Details (વિગત) | શુરુ તારીખ | પુર્ણાહુતી તારીખ |
|---|---|---|---|
| 1 | "સમ્મેત શિખરજી જાત્રા" – રજીસ્ટ્રેશન >> એકનેકટ એપમાં | 4-Jun-19 | 30-Jun-19 |
| 2 | સમીક્ષા - એપ્રુવલ પ્રોસેસ (જાત્રા માટેની યોગ્યતા પ્રમાણે) | 1-Jul-19 | 15-Jul-19 |
| | મહાત્મા ને SMS અને email મળશે કે એમનું સ્ટેટસ શું છે 'Approved Payment Pending' કે 'WAITING' | On or Before 16th July 2019 | |
| 3 | 'Approved' મહાત્માઓ પેમેન્ટ કરશે<br>12 August સુધી આખું પેમેન્ટ કરાય,<br>અથવા નીચે મુજબ હપ્તામાં કરાય: | | |
| | a. હપ્તો ૧ – આપના ઓપ્શન પ્રમાણે, પેમેન્ટ ટેબલ મુજબ | 16-Jul-19 | 12-Aug-19 |
| | c. હપ્તો ૨ – આપના ઓપ્શન પ્રમાણે, પેમેન્ટ ટેબલ મુજબ | 16-Jul-19 | 27-Oct-19 |

| પેમેન્ટ ટેબલ | છેલ્લી તારીખ | ઓપ્શન 1 | ઓપ્શન 2 | ઓપ્શન 3 |
|---|---|---|---|---|
| હપ્તો 1 | ૧૨ ઓગસ્ટ ૨૦૧૯ | 10,000 | 15,000 | 20,000 |
| હપ્તો 2 | ૨૭ ઓક્ટોબર ૨૦૧૯ | 11,000 | 19,000 | 28,000 |
| | ટોટલ = | 21,000 | 34,000 | 48,000 |

| | |
|---|---|
| 4 | પેમેન્ટ ઉપરોક્ત તારીખ અનુસાર મળશે તો જ રજીસ્ટ્રેશન કન્ફર્મ ગણાશે. તારીખ પછી, રજીસ્ટ્રેશન કેન્સલ થઈ જશે અને વેઈટિંગ લીસ્ટના મહાત્માઓને કન્ફર્મ કરવામાં આવશે. |

# જાત્રાના સ્થળો અંગેની માહિતી

## રાજગીર

બિહાર રાજ્યના નાલંદા જિલ્લામાં આવેલું પ્રાચીન તીર્થસ્થાન. ભગવાન મહાવીર કેવળજ્ઞાન પછી ચૌદ વર્ષ આ ભૂમિ પર વિચર્યા હતા (તે વખતે આ શહેર "રાજગૃહી" તરીકે ઓળખાતું હતું). આ પાવન ભૂમિમાં મહાવીર પ્રભુ પાસે પ્રતિબોધ પામીને અનેક આત્માઓ જેવા કે શ્રેણિક મહારાજા એ (આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ ભગવાન) તીર્થંકર ગોત્ર બાંધ્યું. ધન્ના શેઠ, પ્રસન્નચંદ્ર રાજર્ષિ, જંબુસ્વામી, મહાવીર ભગવાનના અગિયાર ગણધરો જેવા અનેક આત્માઓ અહીં નિર્વાણ પામી મોક્ષ પામ્યા હતા. અહીં જાપાનીઝ લોકોની સહાયથી બનેલ બૌદ્ધ મંદિર તેની ભવ્યતા – કલાત્મકતાની દૃષ્ટિએ જોવાલાયક છે.

### રાજગીર તીર્થ પર આવેલ મુખ્ય પર્વતોની માહિતી :

૧. **શ્રી વિપુલાચલ પર્વત** : આ પર્વત પર શ્રી મુનિસુવ્રત ભગવાનની પ્રતિમા છે અને ૫૫૫ પગથિયા છે.
૨. **શ્રી રત્નાગિરિ પર્વત** : આ પર્વત પર વાસુપૂજ્ય સ્વામી, પાર્શ્વનાથજી અને નેમિનાથજીની ચરણ પાદુકાઓ છે. પર્વત પર જવા માટે ૧૨૭૭ પગથિયા છે.
૩. **શ્રી વૈભવગિરિ પર્વત** : શ્રી ઋષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ અને શ્રી પાર્શ્વનાથ ભગવંતોની ચરણ-પાદુકાઓ આવેલ છે. ભગવાન મહાવીરના અગિયાર ગણધરો આ પર્વત ઉપર નિર્વાણ પામ્યા હતા. પર્વત પર જવા માટે ૫૩૧ પગથિયા છે.

## પાવાપુરી

પ્રાચીન મગધ દેશનું શહેર છે. શ્રી મહાવીર સ્વામી ભગવાન દિવાળીના દિવસે અહીં નિર્વાણ પામી મોક્ષપદ પામ્યા. ત્યાં મહાવીર ભગવાનના મોટા ભાઈ નંદીવર્ધને પ્રભુની ચરણપાદુકાનું ભવ્ય વિશાળ જલમંદિરનું નિર્માણ કરાવેલ.

## નાલંદા

પ્રાચીન વિશ્વ વિદ્યાલયનાં ખંડેરો આવેલ છે. ઈ.સ. પૂર્વેની પાંચમી-છઠ્ઠી સદીમાં મહાવીર તથા તથાગત બુદ્ધનાં યુગ સુધી ઈતિહાસ ફેલાયેલો છે. નાલંદામાં એક સુંદર મ્યુઝીયમ પણ છે. તેમાં ભગવાન બુદ્ધનાં સમયની વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવેલ છે.

## લચ્છવાડ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરની જન્મભૂમિ. જુનું નામ "<u>ક્ષત્રિયકુંડ</u>". ભગવાન મહાવીર પોતાના જીવનકાળમાં જન્મથી લઈને દીક્ષા પર્યંતના ૩૦ વર્ષ આ પાવન ભૂમિ ઉપર વિહરમાન હતા. અહીં આવેલ મંદિરમાં મહાવીર ભગવાનની મૂર્તિ એમની હયાતીમાં એમના મોટા ભાઈ નંદીવર્ધને ૨૫૭૪ વર્ષ પૂર્વે બનાવેલ છે. ખૂબ ભવ્ય પ્રતિમા છે. મંદિરનો જીર્ણોદ્ધાર હાલ થઈ રહ્યું છે.

## ઋજુવાલિકા

આ સ્થળે નદીના તટ પર શાલિવૃક્ષ નીચે શ્રી મહાવીર ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. મહાવીર ભગવાનની ભવ્ય પ્રતિમા અહીં મંદિરમાં સ્થાપિત છે.

## સમ્મેત-શિખર

મધુબન ગામ પાસે લગભગ ૪૫૦૦ ફૂટની ઊંચાઈ ઉપર સમ્મેત શિખર પહાડ કહેવાય છે. **<u>અહીંથી ગત ચોવીસીના ૨૦ તીર્થંકરો, પૂર્વ ચોવીસીઓમાં કેટલાય તીર્થંકરો, સાધુ-સમુદાય વિગેરે અબજો લોકો આ પુણ્ય ભૂમિથી નિર્વાણ પામેલ છે</u>**. ગામની તળેટીમાં શ્રી ભોમિયાજીનું મંદિર છે, જે અહીંના રક્ષક દેવ છે. પહાડ ચઢતાં ૯ કી.મી. અને નીચે ઉતરતાં ૯ કી.મી. એમ કુલે ૧૮ કી.મી. નું અંતર છે. જેમાં આશરે ૪ કલાક ચઢતા અને ૩ કલાક ઉતરતા થશે, કુલ ૭ થી ૮ કલાક થશે. આ પહાડો વનરાઈઓથી ભરેલાં છે, શાંત રમણીય સ્થળ છે.

**<u>સ્પષ્ટતા</u> :-** આ જાત્રામાં દરેક મહાત્માએ પોતાની જોખમદારી પર આવવાનું રહેશે. જાત્રા દરમ્યાન કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સ્થળે કોઈ પણ પ્રકારનો અકસ્માતનો ભોગ બને તે માટે તથા આવી કોઈ પણ બાબત અંગે વળતર આપવા આ યાત્રાની વ્યવસ્થાપક કમીટી જવાબદાર રહેશે નહીં.

For any queries you can contact Jatra team at *jatra@dadabhagwan.org*
Please share your Name, Contact no., City, Center & Country in the email.
કોઈ પ્રશ્નો હોય તો અડાલજ ત્રિમંદિર સત્સંગ ઓફીસમાં સંપર્ક કરી શકો છો

Contact: 9924348880 / 079-39830400 (Time: 9:30am to 12 noon & 3:30pm to 6pm)